IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# મહાત્મા ગાંધીજીની અહિંસક લડત : દાંડીકૂચ

Hiteshkumar Jayantilal Parmar
Master of Arts History , UGC NET qualified
Hemchandracharya North Gujarat University , Khedbrahma, India

***Abstract:*** **દુનિયાનો ઇતિહાસ લાંબી લાંબી કૂચોની નોંધોથી ભરેલો છે.શ્રી કૃષ્ણની કથામાં યાદવોની મથુરાથી દ્વારકા સુધીની કૂચની વાત છે કે વિશ્વની સૌથી લાંબી અને લાખોના લાખો લોકોને આવરી લેતી 10000 કિમીની કૂચ દક્ષિણ ચીન થી ઉત્તર ચીન સુધી માઓ ઝેદૂંગની આગેવાની હેઠળ ચીની પ્રજાએ કરી હતી. હિંદના ઇતિહાસની સૌથી મહત્વની કૂચ ગાંધીજીની આગેવાની હેઠળ 12મી માર્ચए1930થી હાથ ધરાયેલી દાંડીકૂચ હતી.આમ તો એ પ્રતિકરૂપ કૂચ હતી પરંતુ આ કૂચ થયા બાદ હિંદમભરમાં જાગૃતિ આવે એ અપૂર્વ હતી.અમદાવાદથી દાંડી સુધીની આ યાત્રા પછી દાંડીયાત્રા કે દાંડીકૂચનાન નામે જાણીતી બની. આ દાંદડીકૂચ એ હિંદ માટે શાપરૂપ બ્રિટિશ શાસનને વિદાય કરવાની લડાઇમાં મહત્વના ભાગરૂપે આ લડાઇ હતી.દાંડીકૂચ દરમિયાન શું કરવામાં આવ્યું તથા આ સમગ્ર ઘટના વિશે આ લેખ પ્રકાશિત કરાવામાં આવ્યો છે.**

***Index Terms –*** ***ગાંધીજીए દાંડીકૂચए સત્યાગ્રહીઓए મીઠાનો ત્યાગए સવિનય કાનૂન***

## I. INTRODUCTION

### મહાત્મા ગાંધીજી વિશે :

મહાત્મા ગાંધી બ્રિટિશ શાસન સામે ભારતીય રાષ્ટ્રીય ચળવળના નેતા અને श્રાષ્ટ્રપિતाश માનવામાં આવે છે .તેમનું પૂરું નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું .મહાત્મા ગાંધીનો જન્મ 2 ઓક્ટોબર 1869 ના રોજ ગુજરાતમાં પોરબંદર નામના સ્થળે થયો હતો .તેમના પિતાનું નામ કરમચંદ ગાંધી હતું .મોહનદાસની માતાનું નામ પુતલીબાઈ હતુંए જે કરમચંદ ગાંધીજીની ચોથી પત્ની હતી .મોહનદાસ તેના પિતાની ચોથી પત્નીનો અંતિમ સંતાન હતા.

મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા તરીકે જાણીતા છે. તેઓ અત્યંત પ્રતિભાસંપન્ન નેતા હતા. તેમણે અંગ્રેજ સરકાર પાસેથી દુનિયા દંગ રહી જાય તે રીતે ભારત દેશને આઝાદી અપાવી. તેમની અહિંસક ચળવળની ફિલસૂફીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિપૂર્ણ તબદીલી ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો. તેમના શબ્દોમાં આ ચળવળ એ એક સત્યાગ્રહ હતોय અને આખરે તેમણે સફળતા મેળવી અને એ સાબિત કરી બતાવ્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતाए તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે.દાંડીકૂચ એ મહાત્મા ગાંધીજીની એક મહત્વની અને વિશ્વ પ્રસિધ્ધ ઐતિહાસિક ઘટના છે.

### દાંડીકૂચ :

ભારતમાં અંગ્રેજો દ્વારા મીઠાની વેચાણકિંમત પર 2400 ટકા જેટલો વેરો લાદી દેતाए ગાંધીજીને તે અન્યાયી પગલું લાગ્યું હતું એક સરકારી પ્રકાશન મુજબ .1 બંગાળી મણ મીઠાનો ભાવ 10 પાઈનો પડતો અને તેના ઉપર 2૦ આના 24૦ પાઈ વેરો લદાયો હતો એટલે વેંચાણકિંમત પર 24૦૦ ટકા જેટલો વેરો થયો હતો .તે સમયે ભારતની માથાદીઠ આવક એક આનો સાત પાઈ હતી .1925.26 વર્ષમાં સરકારી વાર્ષિક આવકના 19૦7 ટકા આવક મીઠાના કરમાંથી થતી હતીતવંગર સહિત દેશના તમામ લોકોને સીધી -જેથી ગરીબ . .રીતે સ્પર્શતા આ મુદ્દા માટે ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કરવાનું એલાન કર્યું સવિનય કાનુનભંગની ચળવળના ભાગરૂપે ગાંધીજીએ દાંડી ગામના દરિયાકિનારે કએ મીઠાના કયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું. 11 માર્ચ 1930 ની સાંજે ગાંધીજીએ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાં હજારો લોકોની સભાને સત્યાગ્રહનો સંદેશો આપ્યો. ધરપકડ થાય તો પણ લોકોની મક્કમતા પૂર્વક અહિંસક રીતે અંગ્રેજ સરકાર સામે લડત આગળ વધારવા તેમણે અનુરોધ કર્યો.

દાંડી સત્યાગ્રહ અથવા દાંડીકૂચ એ મહાત્મા ગાંધીના નેતૃત્ત્વમાં અંગ્રેજ શાસન સામે કરવામાં આવેલ અહિંસક સવિનય કાનૂનભંગની ચળવળ હતી. 12 માર્ચ થી 6 એપ્રિલ 1930 દરમિયાન ૨૪ દિવસ સુધી ચાલેલી આ લડતમાં અંગ્રેજ સરકારના મીઠા પરના એકાધિકાર તેમજ મીઠા પર લગાડવામાં આવેલા કર વિરૂદ્ધ અહિંસક પ્રતિરોધ દ્વારા પ્રત્યક્ષ કાર્યવાહીનું અભિયાન શરૂ કરવામાં આવ્યું. મહાત્મા ગાંધીએ પોતાના 79 વિશ્વાસુ સ્વયંસેવકો સાથે આ સત્યાગ્રહની શરૂઆત કરી.24 દિવસ સુધી પ્રતિદિન 10 માઇલ અંતર કાપતી આ કૂચ સાબરમતી આશ્રમથી શરુ થઈ નવસારી નજીક દરિયાકિનારે આવેલા દાંડી ગામે પૂરી કરવામાં આવી. માર્ગમાં હજારો ભારતીયો આ કૂચમાં જોડાતા ગયા. 6 એપ્રિલ ના રોજ સવારે 6:30 કલાકે ગાંધીજીએ મીઠાનો કાયદો તોડી નાખ્યો જેના પરિણામે સમગ્ર દેશમાં આવા અહિંસક સવિનય અવજ્ઞા આંદોલન શરૂ થયા.

ગાંધીજીએ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાં એટલેકે હાલના ગાંધી આશ્રમથી 12 માર્ચए 1930ના રોજ "વૈષ્ણવ જન તો તેરે રે કહીએए જે પીડ પરાઈ જાણે રે" ગવાયા બાદ પોતાના 78 સત્યાગ્રહીઓ સાથે નવસારી જિલ્લાના દાંડી બંદરના દરિયાકિનારા સુધી પદયાત્રા યોજી. જે યાત્રા ઐતિકાસિક યાત્રા 'દાંડીકૂચ'ના નામે ઓળખાઈ.

12ए માર્ચ 1930 માં 78 ક્રાંતિકારીઓ સાથે દાંડીયાત્રા શરૂ કરી હતી. જેમાં 16 થી 61 વર્ષની વયના ક્રાંતિકારીઓ જોડાયા હતા. આ કૂચમાં ગાંધીજી સહિત કુલ 80 સ્વયંસેવકોએ ભાગ લીધો જે પૈકી મોટાભાગનાની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની હતી. જેમ જેમ કૂચ આગળ વધતી રહી તેમ માર્ગમાં હજારો ભારતીયો આ કૂચમાં જોડાતા ગયા. નિમ્નલિખિત સૂચિ કૂચ દરમિયાન શરૂઆતથી અંત સુધી ગાંધીજીનો સાથ આપનારા સ્વયંસેવકોની છે.તે સમયે ગાંધીજીની વય 61 વર્ષ હતીए એ મુજબ તેઓ સૌથી મોટી વયના ક્રાંતિકારી હતા. તેઓએ 24 દિવસમાં 241 માઈલનું અંતર કાપી 5ए એપ્રિલ 1930 ના રોજ આ યાત્રા દાંડી પહોંચી હતી. જ્યાં વહેલી સવારે ગાંધીજી સહિતના ક્રાંતિકારીઓએ સમુહસ્નાન કર્યું હતું.

અંગ્રેજ શાસકોએ મીઠાવાળી જગ્યાએ કાદવ અને મીઠું એક કરી દીધા હતા. પરંતુ એક સ્થાનિક કાર્યકરે મીઠા પર પાંદડા રાખી મીઠું છુપાવી દીધું હતું. 6ए એપ્રિલ 1930ના રોજ ગાંધીજીએ આ મીઠાંની મુઠ્ઠી ભરીને મીઠાના કાયદાનો ભંગ કરતાં બોલ્યા કેए શ્હું આજથી બ્રિટીશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં લુણો લગાવું છું."

કૂચ માટે ગાંધીજી કડક શિસ્ત અને અહિંસાના હિમાયતી હતા. આ કારણોસર જ તેમણે કૂચ માટે કોંગ્રેસ પક્ષના સભ્યોના બદલે પોતાના આશ્રમમાં પ્રશિક્ષિત સ્વયંસેવકો પર પસંદગી ઉતારી હતી.8 જિલ્લા અને 48 ગામોને આવરી લેતી 24 દિવસની કૂચ દરમિયાન રાત્રિરોકાણए સંપર્કો અને સમય આયોજન સાથેની યોજના તૈયાર કરવામાં આવી. કૂચ પહેલાં ગાંધીજીએ પ્રત્યેક ગામમાં પોતાના સ્વયંસેવકો મોકલ્યા જેથી તે સ્થાનિકો સાથે મળીને રાત્રિરોકાણની વ્યવસ્થા કરી શકે.પ્રત્યેક કાર્યક્રમને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સમાચારપત્રોમાં પ્રકાશિત કરાયા.

2 માર્ચ 1930ના રોજ ગાંધીજીએ વાઇસરોય ઇરવીન સમક્ષ એક પ્રસ્તાવ રજૂ કર્યો જે અંતર્ગત જો વાઇસરોય જમીન મહેસૂલ આકારણીમાં રાહતए સૈન્ય ખર્ચમાં ઘટાડોए વિદેશી કપડાં પર કરવધારો અને મીઠાનો કર સમાપ્ત કરવા સહિતની અગિયાર માંગણીઓ સ્વીકારવા તૈયાર હોય તો કૂચ રોકવાનો પ્રસ્તાવ મોકલ્યો. વાઇસરોયે ગાંધીજીને મળવાનો ઇન્કાર કરી આ પ્રસ્તાવને ફગાવી દેતાં કૂચની તૈયારીઓએ ગતિ પકડી.ગાંધીજીએ ટીપ્પણી કરી કેए ધ્ મેં ઘૂંટણ ટેકવીને રોટલીનો ટુકડો માંગ્યો હતો બદલામાં મને પથ્થર મળ્યા." કૂચની પૂર્વ સંધ્યાએ હજારો ભારતીયો ગાંધીજીના પ્રાર્થનાસભાના ભાષણને સાંભળવા સાબરમતી આશ્રમે ઉમટી પડ્યા. ધ નેશનએ અહેવાલ છાપ્યો કે ગાંધીના યુધ્દ્ હુંકારને સાંભળવા 60000 લોકો નદીકિનારે ઉમટી પડ્યાં.

દાંડીમાં કાનૂનભંગ બાદ ગાંધીજી દક્ષિણના દરિયાકિનારા તરફ આગળ વધ્યા અને મીઠાનો કાયદો તોડવાની સાથે માર્ગમાં સભાઓને સંબોધિત કરતા રહ્યા. કોંગ્રેસ પક્ષે દાંડીની દક્ષિણે ૨૫ માઇલ દૂર આવેલા ધરાસણા ખાતે સત્યાગ્રહ કરવાની યોજના બનાવી પરંતુ યોજના કાર્યાન્વિત થાય તે પહેલાં જ ચોથી મેની મધ્યરાત્રિએ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. દાંડીકૂચ અને પ્રસ્તાવિત ધરાસણા સત્યાગ્રહે સમાચાર માધ્યમો દ્વારા ભારતની આઝાદીની લડત તરફ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું. મીઠાના કાયદા વિરુદ્ધનો આ અહિંસક પ્રતિરોધ લગભગ એક વર્ષ સુધી ચાલુ રહ્યો અને મહાત્મા ગાંધીની જેલ મુક્તિ બાદ વાઇસરોય ઇરવીન સાથેની બીજી ગોળમેજી પરિષદ સાથે સમાપ્ત થયો.મીઠાના સત્યાગ્રહ દરમિયાન લગભગ 60000 જેટલાં ભારતીયોને જેલમાં પૂરી દેવામાં આવ્યા.જોકેए આ સત્યાગ્રહ અંગ્રેજો તરફથી મોટી કર માફી અપાવવામાં નિષ્ફળ રહ્યો

## REFERENCES

ख, **ગાંધીજી જીવનકથા ભાગ – 2 રાષ્ટ્રપિતા લેખક – યશવંત મહેતા**

ख़, **વિકિપિડિયા**
**https://gu.wikipedia.org/wiki/%E0%AA%AE%E0%AA%B9%E0%AA%BE%E0%AA%A4%E0%AB%8D%E0%AA%AE%E0%AA%BE_%E0%AA%97%E0%AA%BE%E0%AA%82%E0%AA%A7%E0%AB%80**